Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रीजैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

જ્ઞાનામૃતરસ રસનાથકી, પાનકરો પ્રતિમાસ;
રસિકજનો રસમગ્ન થૈ, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૯ મું. શાકે ૧૮૧૫ આશાડ શુદિ ૧૫ સંવત ૧૯૪૯ અંક ૪ થો.

## હિતોપદેશ.

### "વૃથા ગયું જીવિત તે નરોનું."

( ઉપજાતિ. )

ધર્યો નથી જૈન સુધર્મ જેણે, ત્યાગ્યો નથી ક્રોધ વિરોધ જેણે;
હરે નહીં સંકટ જે જનોના, વૃથા ગયું જીવિત તે નરોનું. ૧
જે નાગરે[1] સજ્જનના જનોમાં, જે નાદરે[2] દાનજ નિર્ધનોમાં;
ના આગરે પૂજન જે જિનોનું, વૃથા ગયું જીવિત તે નરોનું. ૨
જે મોહ માયા જગમાં ભમાણા, જે લોક નિંદા વચને ધુમાણા;
જેથી ભીંજ્યું માનસ[3] સજ્જનોનું, વૃથા ગયું જીવિત તે નરોનું. ૩

### ધર્મનું આવશ્યક.

त्रिवर्गसंसाधनमंतरेण पशोरिवायुर्विफलं नरस्य ।
तत्रापि धर्मं प्रवरं वदन्ति न तं विना यद्भवतोर्थकामौ ॥

૧ ન આગરે. ૨ ન આદરે. ૩ મન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સંસારમાં રહીને દરેક મનુષ્યનું કર્તવ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સાધવાનું છે. પરંતુ આ ભરતક્ષેત્રને વિશે સાંપ્રતકાળે મોક્ષ સાધન અશક્ય છે. માટે દરેક મનુષ્યે બાકીના ધર્મ, અર્થને કામરૂપ ત્રિવર્ગનું સાધન કરવું. તે વગર મનુષ્ય જન્મ પશુની માફક નિરર્થક છે. કારણ કે—

"धर्मार्थकाममोक्षाणां, यस्यैकोऽपि न विद्यते ।
अजागलस्तनस्येव, तस्य जन्म निरर्थकं ॥"

ધર્મ, અર્થ કામ અને મોક્ષમાંનો એક પણ વર્ગ માણસ સાધતો ન હોય તો તેનું જીવિત, બકરીના ગળે જે સ્તન જેવાં નિરર્થક છે તેવુંજ નિરર્થક સમજવું. તે (ધર્મ, અર્થ ને કામ) ત્રિવર્ગમાં પણ ધર્મ શ્રેષ્ઠ છે કારણ કે ધર્મ વિના અર્થ, કામ સાધી શકાતા નથી. જેણે પૂર્વ ભવને વિશે ધર્મરૂપી વૃક્ષનાં બીજ રોપ્યાં છે તેજ આ ભવને વિશે તેના ફળરૂપી અર્થ, કામને ભોગવે છે, બીજો નહિં, કારણ કે,

किं जंपिएण बहुणा, जं जं दीसई समच्छ जीयलोए ।
इंदीयमणाभिरामं, तं तं धम्मफलं सव्वं ॥

અર્થ—બહુ કહેવે કરીને શું! (ટુંકામાં એટલુંજ કે) ઇંદ્રીયો અને મનને ગમતું જે જે આ જીવ લોકને વિષે દેખાય છે તે તે સર્વ ધર્મનુંજ ફળ છે.

આટલા માટે ત્રિવર્ગને વિશે ધર્મજ શ્રેષ્ઠ છે. આવું જાણીને હે ભવ્યપ્રાણિ શ્રી સર્વજ્ઞનો કહેલો ધર્મ આચરો.

આ સંસારમાં મનુષ્ય, જે વૈભવ ભોગવે છે તે પણ ધર્મનાજ પ્રતાપથી છે. કારણ કે,

यन्नागा मदभिन्नगण्डकरटास्तिष्ठन्ति निद्रालसा
द्वारे हेमविभूषणाश्च तुरगा वल्गन्ति यद्दर्पिता ।
विणावेणुमृदङ्गशङ्खपटहैः सुप्तस्तुयद्बोध्यते
तत्सर्वं सुरलोकदेवसदृशं धर्मस्य विस्फूर्जितं ॥

અર્થ—દરવાજામાં મદ ઝરતા અને નિદ્રાથી ઘેરાતા હાથીઓ ઝુલે છે, પાણીદાર સુવર્ણ સાજથી શોભતા એવા ઘોડાઓ ખોંખારી રહ્યા છે, અને વળી વીણા, વેણુ, મૃદંગ, શંખને પટહ વિગેરે વાદ્યોથી સુતો જગાડાય છે. આ સઘળું દેવલોક વાસી દેવતાઓના જેવું સુખ તે ધર્મનોજ પ્રભાવછે.

For Private And Personal Use Only

વળી આ મનુષ્ય ભવ પ્રાપ્ત થયો તે પણ પૂર્વે કરેલા સંચિતનોજ ઉદય. આવો દુર્લભ નરભવ પુણ્ય વગર પ્રાપ્ત થતોજ નહિં, કારણ કે

नैवाकृतिः फलति नैव कुलं न शीलं
विद्यापि नैव न च यत्नकृतापि सेवा ।
भाग्यानि पूर्वतपसा खलु संचितानि
काले फलन्ति पुरुषस्य यथैव वृक्षाः ॥

અર્થ—નથી આકૃતિ ફળતી, નથી કુળ ફળતું, નથી શીળ ફળતું, નથી વિદ્યા ફળતી, કે નથી યત્ને કરેલી સેવા પણ ફળતી; પરંતુ વૃક્ષની માફક પૂર્વે જન્મને વિશે કરેલા તપનું જે સંચિત (પુણ્યબંધ) તે યોગ્ય સમયે ફળે છે. એ પ્રમાણે આવું દુર્લભ મનુષ્યત્વ સફળ કરવાને માટે દરેક મનુષ્યે અનંત ફળ દાયક એવા ધર્મનું આરાધન કરવું કે જેથી તિર્યંચાદિ યોનિમાં પ્રવેશ ન કરતાં સદ્ગતિ પામી શકાય.

આ સંસાર એક સાગર છે એટલે દરેક પ્રાણીને જ્યાં સુધી મુક્તિ ન મળે ત્યાં સુધી આ સંસારરૂપી સમુદ્રને વિશે એક યોનિમાંથી બીજી યોનિમાં, એમ ભટક્યા કરવાનું છે. જો માણસ આ ભવ સમુદ્ર તરીને પેલે પાર જાય એટલે કે એને ફરીથી જન્મ પામવાનું મટી જાય તો એ માણસ આ સંસારના અનેક પ્રકારનાં દુઃખથી વિમુક્ત બનીને મુક્તિનું નિરંતર સુખ પામે. પરંતુ સમુદ્ર તરવાને નાવ જોઈએ. તો ધર્મ એ એક નાવ છે કે જે મનુષ્યને સંસાર સમુદ્રથી તારે છે. તો મનુષ્ય જો ધર્મ પાલનનું અવલંબન કરે તો સહેલાઈથી જન્મ મરણથી મુક્ત થઈ જાય.

આ દુનિયામાં જેને આપણે સગાં વહાલાં કહીએ તે સગાંઓ તો અંતે આપણો ત્યાગ કરનારા છે. કારણ કે દેહ ત્યાગ કરતી વખતે મનુષ્યને તેઓ ઉપયોગી થતા નથી, અને પાછળ પાણી એકલો આવ્યો જાય છે. પરંતુ ધર્મ એજ ખરો સગો જાણવો કે જે તેની સાથે જાય છે.

કોઈ કહેશે જે ધર્મ તો વૃદ્ધ માણસોએ કરવો કારણ કે તેઓને મરણ સમય પાસે આવ્યો કહેવાય; પરંતુ આ કહેવું વ્યાજબી નથી, કારણ કે જીવિત ક્ષણિક છે. પાણીના મોજાંની જેવું ચપળ છે. સઘળા દીર્ઘાયુ થવાના નથી. કોઈ બાળપણમાં, તો કોઈ યુવાવસ્થામાં, તો કોઈ વૃદ્ધાવસ્થામાં એમ સૌ મૃત્યુ પામે છે. માટે દરેક મનુષ્યે એક સરખી રીતે વય

તરફ નજર ન રાખતાં ધર્માચરણ કરવું, માથે કાળ છે એવું સમજીને અને નિરંતર સ્મરણમાં રાખીને ધર્મ સાધવો.

મનુષ્ય ધર્મને લીધે પશુથી ઉંચી પંક્તીના ગણાય છે માટે જે ધર્મ ન સાધે તે પશુ તુલ્ય કહેવાય. કહ્યું છે કે,

**आहार निद्रा भय मैथुनं च, सामान्यमेतत्पशुभिर्नराणां ।**
**धर्मो हि तेषामधिको विशेषो, धर्मेण हीनाः पशुभिः समानाः**

અર્થ—આહાર, નિદ્રા, ભય ને મૈથુન એ ચાર મનુષ્ય તથા પશુઓને સમાન છે. પરંતુ ધર્મ એજ મનુષ્યોમાં વિશેષ છે. માટે ધર્મ વગરના માણસો તો પશુ સમાન જાણવા.

વળી લક્ષ્મી તો આજ છે ને કાલ નથી યૌવનપણ ચંચળ છે, જીવિત પણ ક્ષણિક છે. પરંતુ ધર્મજ ફક્ત નિશ્ચળ છે. કારણ ફળદાયક છે માટે મનુષ્યત્વ સફળ કરવાને ધર્મ સાધવોજ. સંસારમાં રહીને ફક્ત વિષયોનુંજ સેવન કરે પરંતુ ધર્મ જે એક દુનિયા ત્યાગ કરનારને ( મૃત્યુ પામનારને ) પરભવમાં સંબળરૂપ છે તેનો સંગ્રહ ન કરે તો તેવો માણસ પોતાનો દુર્લભ, ચિંતામણી રત્ન સમાન મનુષ્ય જન્મ ખોઈ બેસે છે.

ઉપર કહ્યા પ્રમાણે ધર્મ. ત્રિવર્ગમાં શ્રેષ્ઠ છે. વળી મુક્તિ પણ ધર્મથીજ મળી શકે છે. માટે મુક્તિ વધૂનું પાણિ ગ્રહણ કરવાની ઈચ્છા રાખનાર માણસે ધર્મ સાધન આદરવું. અધિકં કિં ?

---

# संबोधसत्तरी.

અનુસંધાન પૃષ્ટ ૫૨ મે થી.

**( નિદ્રાની પ્રબળતા ઉપર પુંડરિક મુનિની કથા ચાલુ. )**

એકદા ગુરૂમહારાજ ઉપદેશ દેવા લાગ્યા કે " હે પુંડરિક ! કેવળ ભણવાને માટે ઘર છોડીને તમે સાધુ થયા વળી બહુ પ્રયાસ વડે ચૌદ પૂર્વાદિકનો અભ્યાસ કર્યો. એવા ઉત્તમ જ્ઞાનની પ્રાપ્તિ થઈ કે જે જ્ઞાન નર્ક તિર્યંચાદિ દુર્ગતિને હરીને સ્વર્ગ યાવત્ મોક્ષ સુખને આપે તો હે ગુણસાગર ! એવો કોણ મુર્ખ હોય કે એવા શ્રુત જ્ઞાનને ચૌદ પૂર્વને તજી દઈને નર્કની

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાદ નિશાની રૂપ નિદ્રાને અંગીકાર કરે. માટે તમે મારૂં કહ્યું માનીને નિદ્રાનો ત્યાગ કરી પાછા અભ્યાસમાં સાવધાન થાઓ." આવા અમૃત સમાન હિતકારક ગુરૂમહારાજના વચનને સાંભળ્યા છતાં પાપોદયથી તેને ઉપદેશ લાગ્યો નહીં, એકદમ ક્રોધાયમાન થઇને બોલ્યો કે "ઉંઘે છે કોણ? હું તો ઉંઘતો નથી. તમે જુઠું બોલો છો એ વાત કાંઇ સારી નથી હું તો પાઠ કરવામાંજ મગ્ન રહું છું. બીજું કાંઇ મારા દીલમાંજ નથી" આવા ઉત્તરને સાંભળીને ગુરૂમહારાજ પોતાના ચિત્તમાં ચિંતવવા લાગ્યા કે આતો વળી નવું પેદા થયું. એક નવો અવગુણ ઉત્પન્ન થયો જેથી મુનિ થઇને મહા અસત્ય બોલવા લાગ્યો.

એકદા તે પુંડરિક મુનિ વિષપાન કરનારની પેઠે ઘોર નિદ્રામાં મુર્છિત થઇને ઘાયલની જેમ પડ્યા બોલાવ્યા છતાં હોકારો પણ દેય નહીં, હિવસે અનેક પ્રકારના સ્વપ્નાઓ જુએ અને બકે. જો કોઇ જગાડીને બોલાવે તો શોર બકોર કરી મુકે. એકાંત હિતવત્સળ ગુરૂ મહારાજાએ તે વખત તેની પાસે જઇને જોરાવરીએ જગાડયા અને મિષ્ટ વચને કહ્યું કે "હે વત્સ! આજ અત્યાર સુધી કેમ ઉંઘ આવી ગઇ છે? માટે હવે જાગો" ગુરૂએ એ પ્રમાણે કહ્યું કે તે લજ્યા છોડીને બોલી ઉઠ્યો કે "હું જ્યારે એક ધ્યાને અર્થ ચિંતવું છું ત્યારે તમને સૌને ઉંઘ્યાની ભ્રાંતિ પડે છે. પણ હું કાંઇ ઉંઘતો નથી" આ પ્રમાણે અત્યંત જુઠું બોલતો જાણીને પછી સર્વે મુનિઓ તેને ઉવેખી મુક્યો અને ગુરૂમહારાજાએ પણ તેની સુધરવાની આશા છોડી દઇને તજી દીધો. એટલે મોહ રાજાના સામંતોએ આવીને તેને ઘેરી લીધો. અજ્ઞાને પોતાનો રસ્તો લીધો અને સદ્બોધે તેનો સંગ મુકી દીધો. ચારિત્રધર્મ ચળાયમાન થયો અને સર્વ વિરતીએ દુર્ગંધથી જેમ દેવ પલાયન કરે તેમ પ્રથમજ પલાયન કર્યું. ક્ષમાદિક પરિવાર તો ચારિત્ર ધર્મ રાજાને જતા દેખીને સાથે થયા અને સામ્યક્ દર્શને તો વાંએ વાગતે તેની સીમા તજી દીધી. જ્યારે આ પ્રમાણે સર્વે શુભ વાસનાઓએ પલાયન કર્યું ત્યારે નિષ્કંટક રાજ્ય ચલાવવા માટે મિથ્યા દર્શન મંત્રીશ્વરે આવીને તેના અંતરમાં વાસ કર્યો. મોહાદિકે મળીને નિદ્રા પામમાં પડેલા પુંડરિકને અનેક પ્રકારની પીડાઓ નીપજાવી. અનુક્રમે તે પુંડરિક મરણ પામીને એકેંદ્રીમાં જઇ નિગોદનો પિંડ ઉત્પન્ન થયો. મોહ રાજાની નિદ્રા નામની દાસીએ આવું પરાક્રમ ફોરવ્યું માટે હે ભવ્ય પ્રાણીઓ! નિદ્રા

For Private And Personal Use Only

૨૫ પ્રમાદને વશ ન થતાં ધર્મ કાર્યમાં નિરંતર સાવધાન રહેવું.

છેલ્લો પાંચમો પ્રમાદ વિકથા છે તેના મૂળ ચાર પ્રકાર છે. રાજ્ય કથા, દેશ કથા, સ્ત્રી કથા અને ભક્ત (ભોજન) કથા. આ ચાર પ્રકારની વિકથા એટલું બધું પ્રાણીનું અહિત કરનારી છે કે તેના યોગવડે આખો ભવ પ્રાણી હારી જાય છે વિચાર કરીને જોશો તો જણાશે કે નિરંતર આ ચાર પ્રકારની વિકથામાંજ પ્રાણી નિમગ્ન રહે છે અને અનેક પ્રકારની ધર્મ સામગ્રી સંયુક્ત મળેલા મનુષ્ય ભવના અમૂલ્ય વખતને નિરર્થક ગુમાવી દે છે. એ વિકથાઓનું જોર એટલે સુધી પ્રસાર પામ્યું છે કે ધર્મ ક્રિયા કરતાં તેમજ વ્યાખ્યાનાદિ સાંભળતાં પણ વચ્ચે તે પ્રવેશ કરી જાય છે અને કર્તવ્ય ભૂલાવી દઇને વિકથા પ્રસંગ લઇ બેસે છે. માટે ઉત્તમ જનોએ એ વિકથાથી બહુજ ડરીને ચાલવાની જરૂર છે.

ચારે પ્રકારની વિકથા બીજી પણ અનેક પ્રકારની હાનીને નિપજાવે કરે છે. કેમકે વિકથા કરતાં કરતાં કયાં સુધી બોલવું તેની હદ રહેતી નથી. રાજકથા કરનાર માણસ એ સંબંધની સાચી ખોટી, સાંભળેલી નહીં સાંભળેલી, જરૂરની વગર જરૂરની, બાબતની બેર બાબતની એમ જેવી મનમાં આવે તેવી વાતો કરવા લાગે છે અને તે વખતે કોણ સાંભળે છે કે કોણ નથી સાંભળતું તેનું વિકથાના રસમાં પડેલા મનુષ્યને ભાન રહેતું નથી; જેથી કેટલીક વખત એ હકીકત રાજ્યદ્વારે જાય છે અને તે વિકથા કરનાર કષ્ટમાં સ્વહસ્તે આવી પડે છે. જો કે કોઇ ન સાંભળતું હોય તો પણ રાજ્ય સંબંધી વાતો કરવી તેનેજ શાસ્ત્રકારે વિકથા કહેલી છે એટલે તે કરવા યોગ્યજ નથી. વળી એમાં કદી પણ સત્યતાનું ભાન રહેતુંજ નથી. કદી સાચી વાતજ હોય તો તેમાં પણ કેટલીક કરવા યોગ્ય હોતી નથી. વળી કેટલીક વખત એવી રાજ્ય કથા કરનાર મનુષ્યોના મંડળમાં બેસવાથી પણ હાની થાય છે. કેમકે એ વિકથાના સાંભળનારાઓમાં કેટલાક બીજાને વહાલા થવાની પ્રકૃતિવાળા હોય છે તેમજ કેટલાક ગર સુરો માત્ર એવી વાતો સાંભળીને તેના ખબર આપનાર પણ કેટલાક રાજ્યોમાં હોય છે તેઓ વાત કરનારની સાથે તેના સાંભળનારાઓના નામ પણ બોળે છે અને તેથી પરિણામે હાની થાય છે. વળી રાજ્ય સંબંધે અનેક પ્રકારના આરંભના કાર્યોમાં પસંદગી નાપસંદગી બતાવતાં તેના અનુમોદનથી પાપ લાગે તે તો જૂદુ માટે સજ્જનોએ રાજકથા ન ક-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રવી અને રાજકથા કરનાર મંડળમાં વિશેષે ન ભળવું એજ પોતાના આત્માને ઇહભવ પરભવને માટે શ્રેયસ્કર છે.

રાજકથા કરનાર પ્રાણીઓને એજ ભવમાં રાજદંડ વિગેરે અનેક પ્રકારની હાનીઓ થાય છે તેના દાખલા કેટલીએક વખત પ્રત્યક્ષ જોવામાં આવે છે. રાજ વિરૂદ્ધ લખનાર છાપનારનો પણ એમાં સમાવેશ થાય છે. શ્રી ભુવન ભાનુ કેવળીના ચરિત્રમાં એક ભવમાં તેના જીવને વિકથાથી થયેલો પરાભવ બહુ વિસ્તારથી વર્ણવ્યો છે તેનો ટુંકો સાર આ પ્રમાણે છે.

કુંડિની નામે એક નગરમાં સુભદ્ર નામે સાર્થવાહ હતો. જૈનધર્મીઓમાં અગ્રેસર હતો. તેને રોહિણી નામે પુત્રી થઇ. વિમળ નામના શ્રેષ્ઠી પુત્ર સાથે પરણાવી તે રોહિણી જૈનધર્મની પૂર્ણ શ્રદ્ધાવાળી હોવાથી નિરંતર સાધ્વીના પ્રસંગમાં રહ્યા કરે છે. બારે વ્રત અંગીકાર કરેલા છે. શુદ્ધ આચાર પાળે છે. તેવામાં મોહ રાજાને ક્ષોભ થયો કે આનો ઉર્ધ્વ ચઢશે એટલે તત્કાળ તેણે વિકથા નામે યોગિનીને તેને પરાભવ કરવા માટે મોકલી. અર્થાત્ પૂર્વ ભવના પાપોદયથી તે રોહિણીને વિકથા કરવાની ટેવ પડી. અનુક્રમે તે ટેવ વૃદ્ધિ પામી. જ્યાં ત્યાં ચારે પ્રકારની વિકથા કર્યા કરે. જીનમંદીરે જાય તો દર્શન કરવા પડયા મુકીને જે મળે તેની સાથે વાતો કરવા મંડી જાય, વ્યાખ્યાન સાંભળવા જાય તો પણ વાતો, પડિક્કમણું કરતાં પણ વાતો, જ્યાં જાય ત્યાં અનેક પ્રકારની વિકથા કર્યાવિના તેનાથી રહેવાય નહીં. એ ટેવ એટલી બધી વધી પડી કે સૌ તેનાથી કંટાળવા લાગ્યા. પણ સાર્થવાહની પુત્રી એટલે કોઇ કહી શકે નહીં. વ્યાખ્યાન ડોળી નાખે, કોઇ કંઇ કહે તો સામું બોલે. ઉપાશ્રયે સાધ્વીજી શિખામણ આપે તો કહે કે તમારી જેમ અમારાથી કાંઇ મુંગું રહેવાશે નહીં. આમ કરતાં એ ટેવને લીધે સાધુ સાધ્વીના પણ છતા અછતા અપવાદ બોલવા લાગી અને વ્રત નિયમ વિસારી મુક્યા. અતિચાર આલોવવા પડયા મુક્યા. ભણવામાંથી ચિત્ત ઉઠી ગયું. પડિક્કમણું કરવામાં પણ ચિત્ત ચોંટવા ન લાગ્યું. એમ કરતાં કદી પડિક્કમણું કરવા બેસે તો બાજુવાળાને બોલાવે અને પોતે વાતો કર્યા કરે આવી દશાને પ્રાપ્ત થઇ.

એકદા કોઇ પાડોશણની સાથે વાતો કરવા બેઠી. કોણ સાંભળે છે તેનો ઉપયોગ ન રાખતાં બોલી કે 'સાંભળ' આપણા રાજાની પટરાણી મહા દુઃશિલા છે. હું સારી રીતે એ વાત જાણું છું. મને કોઇક સારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસે કહેલ છે. આ વાત તદન જૂઠી હતી પરંતુ વિકથાના રસમાં પડેલા પ્રાણીઓને એ વાતનું ભાન રહેતું નથી ખોટું આળ દેતાં કેટલું પાપ લાગે તેનો વિચાર તેને રહેતો નથી. હવે તે વખતે કાંઇક કારણ પ્રસંગે પટરાણીની દાસી તે સ્થાનકે આવેલી તેણે તે વાત બધી સાંભળી; તરતજ રાણી પાસે જઇને કહી. રાણીએ રાજાને કહ્યું. રાજાએ તરતજ તે રોહિણીને તેડાવી. તેનો પિતા સાથે લઇને ગયો. રાજાએ એકાંતે લઇ જઇને પુછ્યું કે "કહે, તેં મારી રાણી સંબંધી શું વાત સાંભળી છે અને શું વાત કરી છે ?" રોહિણી કહે "હું તો કાંઇ જાણતી નથી અને મેં કોઇને કાંઇ કહ્યું નથી" વિકથા કરનારા પ્રાણીઓ મૃષાવાદી તો હોયજ છે કેમકે વાતો કરતાં જેમ તેમ બોલાઇ જવાય છે અને પછી તે વાત ખોટી હોવાથી હા પડાતી નથી. રાજાએ તરતજ દાસીને બોલાવી એટલે દાસીએ નિશાની સાથે બધું કહી બતાવ્યું. પછી રાજાએ રોહિણીને પુછ્યું—કેમ ? આ શું કહે છે ? રોહિણી ઝંખવાણી પડી ગઇ. ભૂમી સામું જોઇ રહી. કાંઇ બોલી શકી નહીં. એટલે રાજાએ સાર્થવાહને બોલાવીને બધી વાત દાસી પાસે કહેવરાવી. સાર્થવાહે રોહિણીને એકાંતમા લઇ જઇને ઘણે પ્રકારે પુછ્યું પણ તે માની નહીં. "વિકથા કરનાર પ્રાણીઓ પ્રાયે મહા ધીટ હોય છે." શ્રેષ્ઠીએ તરતજ પોતાને ઘરે જઇને સાંભળનારી પાડોશણને બોલાવી અને હકીકત પૂછી. તેણે જેવી હતી તેવી કહી સંભળાવી. "સાચું કહેનારને કાંઇ ડર હોતો નથી." શેઠ પ્રથમથીજ પોતાની પુત્રીના વિકથા જન્ય દોષને જાણતો હતો એટલે તેણે બધી વાત સાચી માની; શેઠને તો વજ્રના પ્રહાર જેટલું દુઃખ થયું. હવે રાજા શું કરશે ? તેના વિચારમાં દુઃખી થઇ ગયો. તરતજ રાજા પાસે જઇને પોતાની પુત્રીનો વાંક જેવો હતો તેવો કબુલ કર્યો અને કહ્યું કે "ઘણા વખતથી અમે તેની વિકથા કરવાની ટેવ ઉપર ઉપેક્ષા કરી—દરકાર ન રાખી અને એવી ટેવ છોડાવી નહીં તેનું પરિણામ આ થયું. હવે આપ એને જે ગમે તે શિક્ષા કરો. આ દુષ્ટ પુત્રીએ મારા ઉજ્વળ કુળને કલંકીત કર્યું. અમારા કુળમાં આજ સુધી કોઇ પણ આણદીઠા અણસાંભળ્યા પરાયા દોષને બોલનારૂં ઉત્પન્ન થયું નથી તે આ થઇ છે. માટે તેને તેના પાપનો બદલો જે આપવો ઘટે તે આપો" રાજાએ કહ્યું કે "હે શેઠ ! તું મારા નગરમાં મુખ્ય છું. હું તારૂં વચન કોઈ દિવસ લોપું ન-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હી. બીજાએ જો આવો અપરાધ કર્યો હોય તો તેના પ્રાણનો વિનાશ કરૂં પણ આને તો માત્ર બીજા કોઈએ પ્રમાણે ઉચારે ચાલે નહીં તેટલા માટે દેશપાર કરૂં છું. ”

આ પ્રમાણેનો રાજાનો હુકમ થતાં તરતજ રાજ શેવકોએ તેને પકડી અને અનેક પ્રકારની કદર્થના તથા નિર્ભંછના કરીને દેશની હદ બહાર કાઢી મૂકી. તે રોહીણુ પણુ અનેક સ્થાનકે ભટકતી, ભિક્ષાવૃત્તિ કરીને માંડ માંડ ઉદર પોષણ કરતી, પૂર્વના પોતાના પિતાના વૈભનને સંભારતી, અનેક પ્રકારના દુઃખનો અનુભવ લેતી મરણ પામીને વ્યંતર નિકાયમાં અપરિગ્રહિતા દેવી થઈ. ત્યાંથી એકેંદ્રીયાદિ ગતિમાં જશે અને અનેક ભવ પરિભ્રમણ કરશે. સંપૂર્ણ.

---

# સ્ત્રી કેળવણી.

( સાંધણ પૃષ્ટ ૧૬ થી )

એ પ્રમાણે માણસ જ્ઞાનબળને લીધેજ અથવા જ્ઞાનબળની અધિકતાને લીધેજ બીજા પ્રાણી કરતાં ઉંચે દરજ્જે ગણાય છે. કારણ કે જ્ઞાનથીજ માણસ સર્વ પ્રકારનો વિવેક શીખે છે, જ્ઞાનથીજ શુદ્ધ દેવ ગુરૂ ધર્મને પીછાને છે. જ્ઞાનથીજ સંસારના પાપમય કૃત્યોથી દૂર રહેવાના વિચાર પ્રાપ્ત કરે છે. જ્ઞાનથીજ પોતાના ઉચિત કૃત્યને જાણે છે, જ્ઞાનથીજ મોક્ષ પ્રાપ્તિના સર્વ સાધન જાણી શકે છે, જ્ઞાનથીજ પોતાના આત્મસ્વરૂપને ઓળખે છે અને જ્ઞાનથીજ પોતે મોક્ષ મેળવવાનો અધિકારી થાયછે જ્ઞાન વિના ગમે તેટલી ક્રિયાઓ કરે, જ્ઞાન વિના ગમે તેટલા તપ તપે અને જ્ઞાન વિના ગમે તેટલા દાન આપે પરંતુ તેનો જોઇએ તેવો અને તેટલો લાભ મળી શકતો નથી માટે જ્ઞાન એ સર્વોત્તમ અને સર્વ મનુષ્યોએ અવશ્ય પ્રાપ્ત કરવા લાયક છે; મનુષ્યમાં સ્ત્રી અને પુરૂષ બંને આવી જાય છે તો પુરૂષે જ્ઞાન મેળવવું અને સ્ત્રીએ ન મેળવવું એમ હોવાનું કોઇ પણ કારણ દ્રષ્ટિગત થતું નથી. પરંતુ ઉપરની સર્વ વ્યાખ્યાથી એમ તો જણાય છે કે જ્ઞાન મેળવવાનો જેટલો હક પુરૂષનો છે તેટલોજ સ્ત્રીઓનો છે; કારણ કે આકાર, સ્વભાવ, લાગણી અને સમજણમાં બંને સરખા છે. ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, બંન્નેને સરખી રીતે છે. કર્મ જન્ય સુખ દુઃખ ભોગવવામાં બંનેની એકજ રીત છે અને શુભ અશુભ સર્વ ક્રિયાઓ પણ બંને સમાન રીતેજ કરે છે અને તેના ફળ પણ સમાન રીતેજ ભોગવે છે માટે જ્ઞાન પ્રાપ્ત કરી આત્મસાધન કરવાનો જેવો હક્ક પુરૂષનો છે તેવોજ સ્ત્રીઓનો છે. વિદ્યા ભણવાથી કેળવણી મળે છે અને કેળવણીથી જ્ઞાનબળ પ્રાપ્ત થાય છે કોઇ પણ વિષયનું સાધારણ રીતે જ્ઞાન મેળવવું અથવા તે વિષયની વ્યાખ્યા જાણીને મોટે ક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રવી તેનું નામ ભણવું છે. અને તે વિષયનો ઉંડો બોધ મેળવવો તેનું નામ કેળવણી છે. કેળવણી અને જ્ઞાનનો ઘણું કરી એકજ અર્થ છે. માટે આ ઉપરથી સિદ્ધ થાય છે કે સ્ત્રીઓને ભણાવવી એ કર્તવ્ય છે અને જે માબાપો પોતાની પુત્રીને કેળવણી આપતા નથી તેઓ પોતાના કર્તવ્યમાં પાછા પડે છે, બાળીકાઓને ભણાવવી એટલે તેને છોકરાઓની જેમ ભણાવવી એમ નહી પણ તેઓને વાંચન, લેખન શીખવી વ્યવહારોપયોગી સર્વ જ્ઞાન આપવું, તે સાથે નિતીના સર્વ તત્વો તેને શીખવવા અને પછી ધર્મજ્ઞાન ઉપર લક્ષ અપાવવું. એ શિવાય છોકરાઓને નિશાળમાં બીજું કેટલું એક શિખવવામાં આવે છે તે છોડીઓને શિખવવાની જરૂર નથી. બાળકોની અને બાળકીઓની શિક્ષણ પદ્ધતિ જુદીજ હોવી જોઇએ કારણ કે તેને કાંઇ છોકરાઓની જેમ ભણીને નોકરી કરવા અથવા વ્યાપાર કરવા જવું નથી. તેઓને તો સંસારમાં રહી વ્યવહારમાં જે કુશળતા જોઇએ તે કુશળતા પ્રાપ્ત કરે તેટલું વ્યવહારોપયોગી જ્ઞાન અને આત્મસાધન કરવાને તથા સર્વ ધર્મ ક્રિયાની ઉંડી સમજણ મેળવવાને માટે જેટલું બની શકે તેટલું ધર્મજ્ઞાન આપવું જોઇએ જેથી તેઓ પોતાનો ગૃહસ્થાશ્રમ પાપ સહિત ક્રિયાઓની જેમ બને તેમ ઓછાશથી સુખે સુખે ચલાવે અને સારી રીતે ધર્મસાધન કરી ઉત્તરોત્તર સુગતિની પ્રાપ્તિના સાધન મેળવે.

શાસ્ત્રકારની પણ આ બાબતમાં સંમતિ જણાય છે. મોક્ષ પ્રાપ્તિને માટે શાસ્ત્રકારે ધર્મ એજ ઉત્કૃષ્ટ સાધન કહેલું છે. ધર્મના બે માર્ગ છે. ગૃહસ્થ ધર્મ અને સાધુ ધર્મ. સાધુ ધર્મ—ચારિત્ર માર્ગ ઉત્કૃષ્ટ છે પરંતુ જન્મ પામનાર માણસ પ્રથમ ગૃહસ્થપણામાંજ જન્મ પામે છે. વળી ચારિત્રધર્મથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે તેમ ગૃહસ્થ ધર્મથી પણ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ચારિત્રધર્મથી થોડે કાળે અને ગૃહસ્થ ધર્મથી પરંપરાએ ઘણા કાળે પણ બંનેથી ઇચ્છિત સિદ્ધિ શાસ્ત્રકારે કહી છે. પ્રથમ આદિતીર્થંકર શ્રીમાન્ ઋષભદેવ સ્વામીએ પ્રથમ વ્યવહાર માર્ગ શિખવ્યો હતો અને ગૃહસ્થધર્મની પ્રરૂપણા કરી હતી.

ગૃહસ્થાશ્રમ સ્ત્રી પુરૂષ બંનેથીજ ચાલે છે. જો તેઓ બંનેએ જ્ઞાન પ્રાપ્ત કર્યું ન હોય તો ગૃહસ્થધર્મથી ઇચ્છિતની ઘણા કાળે પણ સિદ્ધિ કહી છે તે ન થતા ઉલટો કર્મ બંધ થઇ સંસારની વૃદ્ધિ થાય છે. આથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ બંનેને જ્ઞાન પ્રાપ્ત કરવાની આવશ્યકતા સિદ્ધ થાય છે. વળી ભગવાન્ ઋષભદેવ સ્વામીએ પોતાના પુત્ર ભરતને પુરૂષની બહોતેર કળા શિખવી હતી તેમજ સુંદરીને સ્ત્રીની ચોસઠ કળા શીખવી હતી. એ ચોસઠ કળામાં ચિત્રકળા, નૃત્યકળા; ઔચિત્યકળા, ધર્મનીતિ, ભોજ્યવિધિ, વાણિજ્યવિધિ, વાદિત્ર, મંત્ર, તંત્ર, જ્ઞાન, વિજ્ઞાન, ધર્મવિચાર, કાવ્યશકિત, વ્યાકરણ, કથાકથન, અંકવિચાર, લોકવ્યવહાર *વગેરે કળાઓ છે. એ સર્વ કળા ભણ્યા વિના–કેળવણી લીધા વિના પ્રાપ્ત થતી નથી. વળી બ્રાહ્મીને અઢાર લીપી શીખવી હતી અને તેથી લીપી સર્વે બ્રાહ્મી લીપીના નામથીજ ઓળખાય છે. શ્રીમાન્ ભગવતિસૂત્રમાં પ્રથમ નમસ્કાર બ્રાહ્મી લીપીનેજ કર્યો છે. આ સર્વ ઉપરથી શાસ્ત્રકારની સ્ત્રીઓને જ્ઞાન આપવાની બાબતમાં સંમતિ છે એમ સિદ્ધ થાય છે એટલુંજ નહી પણ જો તે પ્રમાણે તેઓને જ્ઞાન આપવામાં ન આવે તો ઘણી જાતના ગેર ફાયદાજ થાય એમ સિદ્ધ થાય છે. આચારદિનકરમાં વિવાહ પ્રકરણમાં જે બાળક અને બાળકી કુળ, આચાર, શીલ, રૂપ, વય, વિદ્યા, ધન, વેષ, ભાષા અને પ્રતિષ્ઠામાં સમાન હોય તેનો વિવાહ કરવો એમ કહ્યું છે અને જો તે પ્રમાણે ન કરવામાં આવે તો અવલેહન, કુટુંબકલેશ અને નાના પ્રકારના કલંકની નિષ્પત્તિ થાય એમ કહ્યું છે અને આજે વિદ્યા વગેરે ગુણની સમાનતા વિના વિવાહ થાય છે તેથી તેમાં કથા પ્રમાણે સ્થળે સ્થળે અવલેહન અને કુટુંબ કલેશાદિ પ્રત્યક્ષ દેખાય છે તેથી એ કથન સત્ય છે એમ પ્રત્યક્ષ રીતે સિદ્ધ પણ થાય છે.

રાજેમતિ, સીતા, દ્રૌપદી, દમયંતી, કલાવતી, સુભદ્રા, શ્રીમતી, મદનસુંદરી, સુરસુંદરી, ચંદનબાળા, મૃગાવતી વગેરે પૂર્વે થઇ ગએલી શીલવતી અને મહાત્મા સ્ત્રીઓના ચરિત્ર જોઇએ છીએ તો પ્રત્યક્ષ રીતે જણાય છે કે જે ગુણથી તેઓ જગતમાં સુકીર્તિ મેળવી ગયેલ છે અને જે ગુણથી તેઓ, સદ્‌ગતિગામી થયેલ છે તે સર્વ ગુણ જ્ઞાન ગુણથી જ પ્રાપ્ત થયા હતા અથવા જ્ઞાન ગુણજ તેમાં પ્રધાન ગુણ હતો.

અપૂર્ણ.

* ચોસઠ કળાના નામ માટે જુઓ જૈનતત્વાદર્શ પાનું ૫૦૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# माया.

## ( શ્રી મલ્લીનાથજી ચરિત્ર. )

અનુસંધાન પૃષ્ટ ૪૮ મેથી.

"હે પિતાજી ! જ્યારે જ્યારે હું તમારી પાસે આવતી ત્યારે ત્યારે તમે તત્કાળ મને બોલાવતા, હર્ષભેર ખોળામાં બેસારતા અને આજે શું એટલા બધા વિચારમાં પડી ગયા છો કે મને બોલાવતા નથી. મારા સામું જોતા નથી, તેમ મને આવી પણ જાણતા નથી; માટે જે વિચાર હોય તે મને કહો" પોતાની પ્રાણ સમાન વહાલી પુત્રીના આ પ્રકારના મીષ્ટ વચનોને શ્રવણ કરીને કુંભરાજા બોલ્યા—"હે પુત્રી ! તારૂં પાણી ગ્રહણ કરવાની ઇચ્છાથી જીતશત્રુ વિગેરે છ રાજાઓએ મારી પાસે દૂતો મોકલ્યા હતા તે દૂતોના વચનોનો અસ્વીકાર કરીને મેં તેમને અપમાન કરી કાઢી મુક્યા હતા. તેમણે પોતપોતાના રાજા પાસે જઇને મારા કહેલા વચનો નિવેદન કર્યાં જેથી તે છએ રાજાઓ બહુ કોપાયમાન થયા સતા પોતપોતાના લશ્કર સહિત અહીં આવી મિથિલા નગરીની ફરતા ગઢરોધ કરીને પડ્યા છે જેથી નગર બહાર જવા આવવાના સર્વે રસ્તાઓ બંધ પડ્યા છે. હું અનેક પ્રકારે તે છએ રાજાઓના છીદ્ર જોઉંછું પણ પામતો નથી તેથી હવે કયે પ્રકારે તે છએ રાજાઓના લશ્કરને ભગાડવું તેના વિચારમાં હું નિમગ્ન થઇ ગયોછું" કુંભરાજાના ઉદ્વેગ કારણને જાણીને મલ્લીકુંવરી બોલ્યાં—"હે પિતાજી ! આપ કોઇ પ્રકારનો સંકલ્પ વિકલ્પ કરશો નહીં. તમે તે છએ રાજાઓની પાસે જુદા જુદા દૂતો મોકલીને દરેકને એમ કહેવરાવો કે તમને મલ્લીકુંવરી પરણાવશું એટલે તમે સંધ્યાકાળે એકલા આવજો. પછી તે દરેકને એક બીજા ન જાણે તેમ મારા બનાવરાવેલા મોહનઘરના છએ જુદા જુદા દ્વારોમાં થઇને ગર્ભ ગૃહમાં પ્રવેશ કરાવજો. અને નગરના દરવાજા બંધ કરીને નાળ ગોળા ગોફણો વિગેરે સજ્જ કરીને રહેજો."

કુંભરાજાએ મલ્લી કુંવરીના કહેલા પ્રમાણે અમલ કર્યો અને છએ રાજાઓને પૃથક્ પૃથક્ દ્વારે ગર્ભ ગૃહમાં પ્રવેશ કરાવ્યો. રાત્રી વ્યતીત થયા બાદ જ્યારે સૂર્યોદય થયો ત્યારે છએ રાજાઓ પોતપોતાના ગર્ભ ગૃહની જાળીમાંથી મલ્લીકુંવરીની સુવર્ણમય પ્રતિમા મસ્તકપરના છીદ્ર યુક્ત અને નીલોત્પળ કમળના ઢાંકણા સહીત દીઠી. એટલે રૂપે કરી, લાવણ્યે કરી અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગોવને કરીને ઘણી સૌભાગ્યવાતી સાક્ષાત્ મલ્લીકુંવરીજ ઉભી છે એમ તેઓએ જાણ્યું. એટલે અત્યંત મોહ પામ્યા છતાં મેષોન્મેષ રહિત એક દ્રષ્ટિએ-માત્ર તેને નિરખવાના અધ્યવસાયની એકાગ્રતાએ તેની સન્મુખજ જોઇ રહ્યા.

મલ્લીકુંવરી પ્રાતઃકાળ થયો એટલે સ્નાન કરી, વસ્ત્રાલંકાર ધારણ કરી અનેક કુબ્જ દાસીઓના પરિવારે પરવરી સતી જ્યાં પોતાનું સ્થાપેલું મોહન ઘર છે ત્યાં આવી અને જે ખંડમાં છએ રાજાઓવાળા ગૃહોની જાળીઓ રહેલી છે તથા પોતા સમાન સૌંદર્યતાવાળી સુવર્ણની પ્રતિમા છે તે ખંડમાં પ્રવેશ કર્યો. તે પ્રતિમાની પાસે આવીને તેના મસ્તક ઉપર ઢાંકી રાખેલું સો પાંખડીવાળા કમળનું ઢાંકણું ઉઘાડ્યું એટલે તેમાંથી સર્પના, ગાયના અને ઉંદરના કલેવર કરતાં પણ અત્યંત અશુભતર દુર્ગંધ ઉછળ્યો. ચારે બાજુ વ્યાપ્ત થઇ ગયો. એવા અસહ્ય દુર્ગંધથી પરાભવ પામેલા છએ રાજાઓ પોતપોતાનાં ઓઢેલા વસ્ત્રવડે નાક અને મુખ ઢાંકી પરાડ-મુખ થઇને બેઠા. એટલે મલ્લીકુંવરીએ તે છએ રાજાઓ પ્રતે પુછ્યું કે "અહો દેવાનુપ્રિયો ! તમે શા માટે મુખ નાક ઢાંકી ઉપરાંઠા થઇને બેઠા છો?" તેઓ બોલ્યા કે "તમે આ પુતળીકાના મસ્તક ઉપરથી જે ઢાંકણું ઉઘાડ્યું તેથી ઉછળેલા દુર્ગંધવડે પરાભવ પામીને અમે પરાડમુખ થઇને બેઠા છીએ." પછી મલ્લીકુંવરીએ તે છએ રાજાઓ પ્રત્યે ઉદ્દેશીને કહ્યું કે "હે જીતશત્રુ વિગેરે રાજાઓ! તમે વિચાર કરો કે આ સુવર્ણમય પુતળી છે તેના મસ્તક ઉપરના છીદ્રમાં દરરોજ હું મનોજ્ઞ એવા અસનાદિક ચારે પ્રકારના આહારનો એક એક કોળીઓ ક્ષેપન કરતી હતી તો તે માત્ર આહારના પીંડનોજ જ્યારે આવો મહા દુર્ગંધરૂપ પુદ્ગળ પરિણામ થયો ત્યારે આ ઉદારીક મારૂં શરીર જે શરીરનો સ્વભાવ પણ સડનપડન વિધ્વંસન છે તેમાં દરરોજ ક્ષેપન કરેલા અનેક પ્રકારના આહારના અનેક કવળોવડે કેવો દુર્ગંધ ઉત્પન્ન થયેલો હશે ? આ ઉદારીક શરીર કેવું છે કે જેમાંથી નિરંતર થુક અને બળખા છુટયા કરે છે, પીત ઝરે છે, કર્ણ, નેત્ર અને નાસીકામાંથી મેલ નિકળ્યા કરે છે, રૂધીર, પરૂ અને શુક્રાદિ ઝરે છે, લઘુનિતિ વડીનિતિનો શ્રાવ થાય છે. તો એવું અશુભ અને દુર્ગંધી વસ્તુના ભજનારૂપ જે આ શરિર તેને વિષે નાખેલા આહારાદિનો ગંધ કેવો અપ્રિય હોવો જોઇએ ? તે વિચારો; અને દેવાનુપ્રીયો ! આ પુદ્ગળના

For Private And Personal Use Only

આ વાગાઢા પરિણામને વિચારીને તમે મનુષ્ય સંબંધી કામભોગની વાંછા પડી મુકો વળી પામેલા ભોગને વિષે ગૃદ્ધિ, અતૃપ્તિ અને અસંતોષ ન કરો, તેના દોષ ન દેખવામાં મોહ મુઢતા કરો છો તે ન કરો વળી આણ પામ્યા કામભોગને વિષે એકાગ્રતા ન કરો. હે દેવાનુપ્રિયો ! સ્મરણ કરો કે 'આપણા આ વર્તમાન ભવથી ત્રીજે ભવે પશ્ચીમ મહાવિદેહને વિષે સલિલાવતી વિજયમાં વીતશોકા રાજધાનીમાં આપણે સાતે મિત્ર હતા, સાતે જણાએ સાથે દિક્ષા ગ્રહણ કરી હતી. તેમાં મેં (મહાબળે) આપણી પરસ્પરની પ્રતિજ્ઞા (એક સરખી તપસ્યા કરવાની) હતી તેનું ઉલ્લંઘન કરીને તમે ઉપવાસ કરો ત્યારે હું કપટ ભાવથી અને તમારા કરતાં વધારે ફળ તથા ઠકુરાઈ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી છઠ્ઠ કરૂં એ પ્રમાણે કપટ કરવાથી સ્ત્રી નામ કર્મ ઉપાર્જન કર્યું. ત્યાંથી કાળ કરીને આપણે સાતે જયંત નામના અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા. આયુષ્ય પૂર્ણ કરીને પ્રથમ તમે છ જણ ચવ્યા તે પોતપોતાના રાજ્યમાં અત્યારે રાજા થયા છો. હું આ કુંભરાજાને ઘરે પુત્રીપણે અવતરી છું.' આપણો પરસ્પરનો સંકેત એક બીજાને પ્રતિબોધવાનો હોવાથી મેં તમને પ્રતિબોધ પમાડવા-માટે આ રચના કરી છે તેથી તમે તમારા પૂર્વભવને સંભારો અને આ દુઃખમય સંસારમાં ઉલટા વધારે ખુંચવાની ચાહના ન કરતાં તેમાંથી પોતાના આત્માને ઉદ્ધરો." આ પ્રમાણેના મલ્લીકુંવરીના વચનને શ્રવણ કરીને તે છએ રાજાઓ શુદ્ધ અધ્યવસાયવડે તેનું ચિંતવન કરવા લાગ્યા. ઉજ્વળ લેશ્યાવડે જાતિસ્મરણ જ્ઞાનને આવર્ણ કરનારા કર્મને ક્ષય કરી દીધું એટલે તત્કાળ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. અને મલ્લીકુંવરીના કહેવા પ્રમાણે પોત પોતાનો પૂર્વ ભવ દીઠો. મલ્લીકુંવરીએ ગર્ભ ઘરના છએ દ્વાર ઉઘડાવ્યા એટલે તે સર્વે જ્યાં મલ્લીકુંવરી બેઠેલ છે ત્યાં આવ્યા. મલ્લીકુંવરીએ કહ્યું કે "અહો રાજાઓ ! હું આ સંસારના ભયથી ઉદ્વેગ પામી છું તેથી દીક્ષા ગ્રહણ કરવાની છું. તમારા ભાવ શું વર્તે છે?" છએ રાજાઓએ વિચાર કરીને કહ્યું કે "જ્યારે તમે દિક્ષા ગ્રહણ કરવા તૈયાર થયાં છો ત્યારે પછી અમને આ સંસારમાં રહ્યા સતા આલંબન કોણ છે? અમારે પ્રતિબંધ પણ કોનો છે? માટે પૂર્વભવે જેમ તમે અમારા દિક્ષા સમયમાં ધર્મ ધોરી હતા તેમ આ ભવમાં પણ તમેજ ધર્મધોરી થશો. અમે પણ સંસારના ભયથી ઉદ્વેગ પામ્યા છીએ, જન્મ મરણના ભયથી બીના છીએ માટે તમારી સાથેજ દીક્ષા ગ્રહણ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરશું" મલ્લીકુંવરીએ કહ્યું કે "જ્યારે તમારા પ્રણામ પણ એ પ્રમાણેજ વર્ત્તે છે ત્યારે તમે પોત પોતાની રાજધાનીમાં જાઓ અને પોત પોતાના પુત્રને રાજ ગાદીએ સ્થાપન કરી દીક્ષા ગ્રહણ કરવાને માટે તૈયાર થઇ શિબિકામાં બેસીને મારી પાસે આવો" છએ રાજાઓએ તે પ્રમાણે કબુલ કર્યું. પછી મલ્લીકુંવરી તે જીતશત્રુ વિગેરે છએ રાજાઓને પોતાની સાથે લઇને જ્યાં કુંભરાજા બેઠેલા છે ત્યાં આવી. અને કુંભરાજાને પગે લગાડ્યા. કુંભરાજાએ પણ તેમનો અન્નપાન વસ્ત્ર આભૂષણ વિગેરે ઉત્તમ ઉત્તમ વસ્તુ વડે બહુજ આદર સત્કાર કર્યો અને સંતોષ પમાડ્યો. પછી તે છએ રાજાઓ ત્યાંથી રજા લઇને પોત પોતાની તૈયારી કરવા માટે પોત પોતાની રાજધાની પ્રત્યે આવ્યા.

અહીં મલ્લીકુંવરીએ વરસીદાનનો અવસર જાણીને વરસીદાન દઇને દીક્ષા ગ્રહણ કરશું એવો મનમાં સંકલ્પ કર્યો એટલે તેજ સમયે સૌધર્મેંદ્રનું આસન ચળાયમાન થયું. સૌધર્મેંદ્રે તરતજ અવધિજ્ઞાન વડે જોયું તો શ્રી મલ્લી અરિહંતનો દીક્ષા સમય જાણ્યો. વિચારવા લાગ્યા કે મારો તેમજ થઇ ગયેલા અને થશે તે સર્વે સૌધર્મેંદ્રોનો જીત આચાર છે કે જ્યારે જ્યારે તીર્થંકરનો દીક્ષા અવસર હોય ત્યારે ત્યારે વરસીદાન દેવા સારૂ જોઇએ તેટલી દ્રવ્ય સંપદા તેમના ગૃહને વિષે પૂર્ણ કરવી' તરતજ ઇંદ્રે ધનદ નામના પોતાના લોકપાળને બોલાવીને આજ્ઞા કરી કે વરસીદાન દેવામાં જોઇએ તેટલી સંપત્તિ શ્રીમલ્લી અરિહંતના ગૃહમાં પૂર્ણ કરો.'

અપૂર્ણ.

---

# વર્ત્તમાન સમાચાર.

## (શ્રી ભગવતીસૂત્રનું વ્યાખ્યાન.)

શ્રી ભાવનગરમાં અશાડ પ્રથમ વદ ૬ બુધવારથી પન્યાસ ગંભીરવિજયજીએ શ્રી સંઘની વિનંતી ઉપરથી શ્રી ભગવતિસૂત્ર વાંચવાનો પ્રારંભ કર્યો છે. સર્વ સુત્રોમાં ભગવતિસૂત્રની પ્રાધાન્યતા છે. એના પાંચમું અંગ, ભગવતિસૂત્ર અને વિવાહ પન્નત્તિ એવા ત્રણ નામ છે. શ્રી ગૌતમસ્વામિએ ભગવંત શ્રી મહાવીરસ્વામિને પુછેલા ૩૬૦૦૦ પ્રશ્નોના એમાં ઉત્તર છે. એમાં ૪૧ શતક અને ૧૦૦૦૦ ઉદ્દેશા છે. પ્રથમ ૧૦૦ શતક હતા પરંતુ હાલ ૪૧ રહેલા છે. બીજા સુત્રોની પેઠે આ સૂત્ર સાધારણ રીતે વાંચવામાં આવતું નથી પરંતુ શ્રોતાઓએ ભક્તિ અને શક્તિ બંને બતાવવાની જરૂર

For Private And Personal Use Only

પડે છે. મુખ્ય વિધિએ તો શ્રોતાઓ એકાસણું કરવું અથવા સચિત્ત ત્યાગ કરવો. ભૂમિ શયન કરવું, શિયળ પાળવું, દરરોજ વીશ વીશ નવકારવાળી **શ્રી વિવાહપન્નત્તિ સૂત્રાયનમઃ** એ પદની ગણવી, પચવીશ લોગસ્સનો કાઉસગ્ગ કરવો અને દરેક પ્રશ્ને ગૌતમપદની પૂજા કરવી તથા દેવપૂજા, ગુરૂ ભક્તિ કરવી. એ સૂત્ર સંગ્રામ સોનીએ પૂર્વે દરેક પ્રશ્ને ગૌતમપદની પૂજા એકેક સોના મહોરવડે કરીને એટલે ૩૬૦૦૦ સોના મહોર મુકીને સાંભળ્યું હતું અને એ સુવર્ણ મુદ્રાની સોનેરી શાહી કરાવી ને તેવડે ગ્રંથો લખાવીને ભંડાર કરાવ્યા છે. હાલમાં યથાશક્તિ ભક્તિ કરીને સાંભળવાનો પ્રચાર છે.

ભાવનગરમાં તેનો વરઘોડો વદ ૫ સોમવારે બહુ ધામધુમથી ચડ્યો હતો અને એ સૂત્રના પાના વોરા. હઠીશંગ ઝવેરને ઘરે લઇ જવામાં આવ્યા હતા. રાત્રે રાત્રીજગો થયો હતો અને સવારે વહેલા બાજતે ગાજતે ઉપાશ્રયે પાના લાવ્યા બાદ વ્યાખ્યાન વાંચવાની શરૂઆત થઇ હતી. સ્વસ્તિક કરવાનો આદેશ વાગડીઆ ગુલાબચંદ અમરજીને આપવામાં આવ્યો છે તેમના તરફથી દરરોજ ૩૦૦ સ્વસ્તીક અક્ષતના કાઢીને ઉપર તેટલીજ બદામો અને એક શ્રીફળ મુકવામાં આવે છે એ પ્રમાણે ચાર માસ સુધીમાં ૩૬૦૦૦ સાથીઆ પુરા થયા પછી જ્યાં સુધી સંપૂર્ણ થશે ત્યાં સુધી દરરોજ એકજ સ્વસ્તિક કરીને શ્રીફળ મુકવામાં આવશે. ઘીનો દીવો પણ દરરોજ તેમના તરફથીજ થાય છે. વિશેષમાં પ્રથમ દિવસે પાંચ રત્ન (સોનું, મોતી, પરવાળા, પાના અને માણેક) ના પાંચ સ્વસ્તિક તેમના તરફથી કરવામાં આવ્યા હતા. પ્રારંભમાં જ્ઞાન પૂજા માટે ઉછામણી બોલાવતા પહેલી પૂજા રૂ ૪૧) થી વોરા. જસરાજ સુરચંદે, બીજી પૂજા રૂ ૨૫) થી શા. આણંદજી પરશોતમે, ત્રીજી અને ચોથી દરેક રૂ ૧૧-૧૧થી શા. હીરાચંદ ચકુજીવાળાએ અને પાંચમી પૂજા દશ રૂપીએ શા. દેવચંદ જેઠાએ કર્યાબાદ પરચુરણ રૂ ૧૭૫) ને સુમારે આવ્યા હતા. આ પ્રમાણે દરેક શતકનાં પ્રારંભમાં જ્ઞાન પૂજા થવાની હોવાથી જ્ઞાનખાતાની સારી ઉપજ થવાનો સંભવ છે. દરેક શતક પૂર્ણ થાય તે દિવસે પ્રભાવના કરવા માટે સંઘ તરફથી એક ટીપ કરવામાં આવી છે. મહોત્સવ સારો વર્તાયો છે. અને શ્રોતાઓનો સમૂહ પણ દરરોજ પર્યુષણ જેટલો એકત્ર થાય છે. બારશી બપોરના વ્યાખ્યાનમાં ભાવના અધિકારે શ્રી ત્રેશઠશલાકા પુરૂષ ચરિત્રનું પ્રથમ પર્વ શ્રી આદિનાથ ચરિત્ર વંચાય છે. તે પણ સાથેજ શરૂ કર્યું છે. એના [illegible] હોવાથી એ ચરિત્ર પણ શ્રોતાઓના દિલનું અતિશય રંજન કરે છે.